# તસ્બીહે રબીઉલ અવ્વલ

رَبَّنَا لَا تُزِغْ قُلُوبَنَا بَعْدَ إِذْ هَدَيْتَنَا
وَهَبْ لَنَا مِن لَّدُنكَ رَحْمَةً إِنَّكَ
أَنتَ الْوَهَّابُ

**રબ્બના લાતોઝીગ કુલુબના બાઅદા ઇઝ હદૈતના વ હબલના મીલ લદુન્કા રહમતન ઇન્નકા અન્તલ વહહાબ.**

*માઅના :*

અય હમારા પરવરદીગાર હમને સીધા રસ્તે ચલાવ્યા પછી હમારા દિલોને ખોટા રસ્તે ચલાવીશ નહિ,

અને તારી પાસેથી હમને રહમ બખ્શજે, સબબ કે તું જ આપનારો છે.

રબીઉલ અવ્વલનો મહિનો હમ દીનદારો વાસ્તે પહેલી બહારનો મહિનો છે. આ મહિનામાં ફખરે મૌજુદાત, અશરફે મખ્લૂકાત, સરવરે કાએનાત રસૂલેઅકરમ (સ.અ.વ.વ.) ની પૈદાઇશે અતહર થઇ. આપની આ જહાનમાં આમદથી દીને ઇસ્લામને એક નવી તાઝગી અને મઝબૂતી મિલી, દીને ઇસ્લામના બગીચામાં એક નવી બહાર આવી. અલ્લાહતઆલાએ આપને જહાનવાલાઓ વાસ્તે રેહમત બનાવીને મોકલા. આપના ઇન્તેકાલ પૂરમલાલ બાદ પણ અલ્લાહે આ રહેમતની નેઅમતને હમ મુમેનીન વાસ્તે આપની આલે અત્હરમાં અને કુરઆને કરીમના ઝરીએ આ જહાનમાં બાકી રાખી છે, અને કયામતના દિન તક બાકી રહેશે. ૨ જી રબીઉલ અવ્વલ સોમવારના દિન પર જ આપની વિલાદતે પાક અને ઇન્તેકાલ પૂર મલાલ વાકેઅ છે.

આપ (સ.અ.વ.વ.) ની ઝીંદગીનો અઝીમતર મોઅજીઝો કુરઆને કરીમ છે, જે હમારે વાસ્તે હીદાયત છે, દુનિયામાં રેહવાનો એક સીધો અને સાચો રસ્તો છે. આપ હર વક્ત ફરમાવતા કે, “અય લોગો, મારી ઝીંદગી એ જ તમારે વાસ્તે મારો પૈગામ છે.” આપની અલ્લાહ તરફની લગન, સાદા ઝીંદગી, જોર-ઝુલ્મ કરનાર પર શફકતની નઝર, અદલ-ઇન્સાફ, રોતાને હંસતો કરવાની કરામત અને તબ્લીગે ઇસ્લામ વાસ્તે સૌથી બેહતર જેહાદ, હર મરહલામાં નસીહત અને સબકથી પૂર આપનો રદ્દે અમલ આજે પણ હમ મુમેનીન વાસ્તે એટલો જ ઝરૂરી છે અને રેહશે.

અલ્લાહતઆલા હમને આ હીદાયત આપા બાદ રસૂલે કરીમ (સ.અ.વ.વ.) એ બતાવેલા સીધા રસ્તા પર ચાલવાની તૌફીક અતા કરે. અને આપની આલે અતહરના નાઇબ હુઝુરેઆલી (ત.ઉ.શ.) ની ઇતાઅત અને વલાયતથી હમારા દિલોંના દામનને ભરી દે.

અલ્લાહ કે મેહબૂબ હૈં પ્યારે હૈં રસૂલ,
વલ્લાહ શફાઅત કે સહારેં હૈં રસૂલ,
જો અજરે રીસાલત ન અદા કર પાયે,
કીસ મૂઁહસે કહેંગે કે હમારે હૈં રસૂલ.★